NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail - gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/૧/૨૦૨૩/૩૧૫૮-૩૨૧૯

તા:૫/૦૧/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા :તમામ

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા :તમામ

પ્રતિ,
શાસનાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ

વિષય: "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩" કાર્યક્રમ નિહાળવા બાબત.
સંદર્ભ : Dept. of Education & literacy, MoE, GOI, D.O. no.6-1/2022-Desk-(PMP) dated 04/01/2023

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે આગામી તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ તાલકટોરા સ્ટેડીયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩" કાર્યક્રમમાં માન. વડાપ્રધાનશ્રી વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વાલીઓ સાથે સવારે ૧૧.૦૦ કલાકથી વાર્તાલાપ કરશે.

આ વાર્તાલાપનું જીવંત પ્રસારણ દુરદર્શન દ્વારા ડી.ડી.નેશનલ, ડી.ડી.ન્યુઝ તેમજ ડી.ડી. ઇન્ડિયા વિગેરે પર કરવામાં આવશે. આ ઉપરાંત ઓલ ઇન્ડિયાની રેડિયો ચેનલ પર પણ લાઇવ એર કરવામાં આવશે. PMO, MoE, Door Darshan, MyGov.in વેબસાઇટ પર તેમજ MoE ની યુટ્યુબ ચેનલ, ફેસબુક લાઇવ તથા MoE ની સ્વયંપ્રભા ચેનલ પર પણ લાઇવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ બાયસેગની વંદે ગુજરાત ચેનલ નં:૧ (એક) પર પણ નિહાળી શકાશે.

આપના તાબા હેઠળની તમામ શાળાઓને ઉક્ત કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા માટે આપની કક્ષાએથી સંબંધિતોને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે. કાર્યક્રમનુ જીવંત પ્રસારણ નિહાળતા બાળકોના ફોટોગ્રાફ અને વિગતો શાળા અને તાલુકા – જિલ્લા એમ.આઇ.એસ. મારફતે MyGov Portal પર અપલોડ કરવાની રહેશે તેમજ ફોટોગ્રાફ અને આંકડાકીય માહિતી જિલ્લા એમ.આઇ.એસ. મારફતે સમગ્ર શિક્ષા કચેરીની એમ.આઇ.એસ. શાખામાં મોકલી આપવાની રહેશે.

કાર્યક્રમ નિહાળવા માટે ટીવી, જ્ઞાનકુંજ કલાસરૂમ તથા અન્ય ઇન્ટરનેટ આધારિત માધ્યમોનો ઉપયોગ કરશો.તમામ શાળાઓમાં જીવંત પ્રસારણ નિહાળવા ટીવી અથવા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે તેમ છતાં કોઈ શાળામાં આ પ્રકારની વ્યવસ્થા ન હોય તો તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો કાર્યક્રમ નિહાળી શકે તે સુનિશ્ચિત કરશો.

(ડૉ.એમ.આઇ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ

(ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી

જા.નં./મા-૨/૨૦૨૩/૬૦૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત તા. ૨૭/૨/૨૩

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ રજી. માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તરફ.

રવાના કરી, અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.